અંક : ૪૯

બાળકો અને નવયુવાનો માટે




ઝિલહજ, હી.સ.૧૪૩૩, નવેમ્બર - ૨૦૧૨

# નબી સ.અ.વ.ની શિખામણો




(બોધવચનો)

**હે અલી અ.સ.**

**ફક્ત પાંચ પ્રસંગોએ દાઅવતે વલીમા આપી શકાય.**

૧. લગ્ન પ્રસંગે

૨. બાળકના જન્મ પ્રસંગે

૩. ખત્નાના પ્રસંગે

૪. મકાનના બાંધકામ(નવા મકાનમાં રહેવા જવાના) પ્રસંગે

૫. હજથી પરત ફરીએ ત્યારે

**હે અલી અ.સ.**

**મોમિન એ ફક્ત ત્રણ કારણોસર પ્રવાસ ખેડવો જોઈએ**

૧. રોજગારીની વધુ સારી તકો મેળવવા માટે
(એટલે કે આજીવિકા મેળવવા માટે)

૨. આખેરતમાં લાભદાયક થાય તેવા કાર્યો માટે

૩. હરામ ન હોય તેવા આનંદ-પ્રમોદ માટે



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :
**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઇ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in



**વિગતો માટે સંપર્ક :**
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org



**ઝિલહજ હીજરી સન ૧૪૩૩,**
**નવેમ્બર - ૨૦૧૨**


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !

અસ્સલામો અલયકુમ !

ઝિલહજનો મહીનો અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયતનો મહીનો છે. દીનની સંપૂર્ણતા અને અલ્લાહની નેઅમતોની પૂર્ણતાની ઘોષણા એ કુફ્રને સૃષ્ટિના અંત સુધીના સમય માટે નિરાશ કરી દીધો અને કુરઆને ખુશખબરી આપી કે આજે કુફ્ર નિરાશ થઈ ગયો.

કુફ્ર તો રસૂલ સ.અ.વ.ની આંખો બંધ થાય તેની જ પ્રતિક્ષા કરી રહ્યો હતો પરંતુ ગદીરે તેમની તમામ આશાઓ ઉપર પાણી ફેરવી દીધું.

પરંતુ કાશ ! મુસલમાનો પોતે કરેલાં વાયદા ઉપર કાયમ બાકી રહ્યા હોત તો કદાચ ઈસ્લામના અનુયાયીઓમાં જે નબળાઈ દેખાય છે તે ન હોત અને સમગ્ર જગતમાં ફક્ત ઈસ્લામનો પરચમ લહેરાતો હોત.

હજી પણ સમય છે, નાની નાની વાતોના મતભેદો ભૂલી જઈને પાયાની બાબતો અંગે સહમતિ અને ભાઈચારો કેળવીએ અને તે રીતે શત્રુઓના પરાજયનું કારણ બનીએ.

વસ્સલામ


**વાર્ષિક લવાજમ**
**રૂા. ૩૦૦/-**

# ઝિલહજ માસની કેટલીક ઘટનાઓ



**૧- ઝિલહજ :** જનાબ ફાતેમા ઝહરા સલા.ના લગ્ન હઝરત અલી અ.સ. સાથે ઘણી સાદાઈથી થયાં. જનાબ ફાતેમા સલા. માટે ઘણાં માંગા આવ્યાં હતાં. પરંતુ રસૂલે ખુદા સ.અ.વ.એ તે પૈકી કોઈનો પણ સ્વીકાર કર્યો નહીં અને ફરમાવ્યું કે જિબ્રઈલે એમને એવી જાણ કરી છે કે ખુદા ત.વ.ત.એ ફરમાવ્યું છે કે જો અલી અ.સ.ને પેદા ન કર્યા હોત તો જનાબ ફાતેમા સલા. નો કોઈ પતિ ન હોત.



**૭ - ઝિલહજ :** આજના દિવસે સન ૧૧૪ હિજરીમાં ઈમામ મોહમ્મદ બાકીર અ.સ.ની શહાદત થઈ હતી.

અહલેબૈતની શાનમાં પૂરો 'સૂરએ હલ અતા' નાઝિલ કર્યો.




**૯ - ઝિલહજ :** જનાબે મુસ્લિમની શહાદત : આજે અરફાના દિવસે જ કૂફામાં ઈમામ હુસૈન અ.સ. તરફથી એલચી અને પ્રતિનિધી બનાવીને મોકલવામાં આવ્યા હતા તે જનાબ મુસ્લિમની શહાદત થઈ હતી.



E-mail : hadimasik@yahoo.com

આપના વિષે રસૂલે અકરમ સ.અ.વ.નો ઈર્શાદ છે કે "મોઅમેનીનની આંખો આપના ઉપર આંસૂ સારતી રહેશે અને અલ્લાહના ખાસ ફરિશ્તાઓ આપના ઉપર દરૂદ પઢતાં રહેશે."

**૯ - ઝિલહજ :** અરફાનો દિવસ. આ દિવસે હાજીઓ અરફાના મેદાનમાં આવે છે. જે ઘણીજ બરકતવાળી જગ્યા છે. અહિયાં દુઆઓ કુબુલ થાય છે. ઈમામ હુસૈને અહિયાં એક દુઆ પઢી હતી. જેને 'દુઆએ અરફા' કહેવામાં આવે છે.



**૧૦-ઝિલહજ :** ઈદે કુરબાનીનો દિવસ. આ દિવસ આપણને જનાબ ઈબ્રાહીમ અ.સ.ના બલિદાનની યાદ દેવડાવે છે. કે આપે સ્વપ્ન જોયું અને જનાબ ઈસ્માઈલ અ.સ.ને બલિ માટે તૈયાર કર્યા પરંતુ જ્યારે આપે છરી ચલાવી તો ખુદાની આજ્ઞાથી જનાબ ઈસ્માઈલ બચી ગયાં અને ઘેટાની બલિ દેવાઈ ગઈ.




**૧૩-ઝિલહજ :** આજના દિવસે આપના વહાલા નબી સ.અ.વ.એ મોઅજિઝાથી ચાંદના બે ભાગ કર્યા હતાં.



**૧૮-ઝિલહજ :** આજનો દિવસ આલે મુહમ્મદ સ.અ.વ. અને તેમના ચાહવાવાળાઓ - અનુયાયીઓ - માટે એક મહાન ઈદનો દિવસ છે, કેમકે અંબિયા - અવલિયા અને અવસિયાએ ઈલાહીની અસંખ્ય જહેમતો પછી ઈમામ અલી અ.સ.ની બિલાફસ્લ (ડાયરેક્ટ) વિસાયત અને વિલાયતની ઘોષણાં થઈ હતી.



**૨૪-ઝિલહજ :** મુબાહિલાનો દિવસ આજના દિવસે રસૂલે ખુદા સ.અ.વ.ને મુબાહિલા વગર જ ખ્રિસ્તિઓ ઉપર વિજય મળ્યો હતો. મુબાહિલા ઈસ્લામી ઈદોમાંથી એક ઈદ છે. આ ખુશાલીનો દિવસ છે.



**૨૫-ઝિલહજ :** 'હલઅતા'નો સૂરો નાઝિલ થયો. બાળપણમાં જ્યારે ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. બીમાર પડી ગયાં હતાં ત્યારે રસૂલે ખુદા સ.અ.વ. બાળકોની તબીયત જોવા આવ્યાં હતાં, અહલેબૈતના બધાં સભ્યોએ રોઝો રાખ્યો. ઈફતારની વેળાએ ફરિશ્તાઓ યતીમ-દરિદ્ર અને ફકીર બનીને આવ્યાં અને અહલેબૈત અ.સ.એ પોતાની ઈફતારી (ની રોટલી) તેમને આપી દીધી અને પાણીથી રોઝા ખોલ્યા ત્યારે ખુદાએ અહલેબૈતની શાનમાં પૂરો 'સૂરએ હલ અતા' નાઝિલ કર્યો.





E-mail : hadimasik@yahoo.com

# બાળકો માટેના ઉમરાહ અને હજના આઅમાલ

(ગયા અંકથી આગળ)



**સઈ :-** તવાફની બાબતમાં જે વર્ણન છે તે સઈની બાબતમાં પણ લાગુ પડશે.

**તકસીર :-** બાળકના માથાના વાળ અથવા નખનો અમૂક ભાગ કાપવામાં આવે છે.



બાળકને વુકૂફ માટે અરફાત અથવા મશઅરલ હરામ લઈ જવામાં આવે અને બાળકનો સંરક્ષક (સરપરસ્ત) તેના વતી વુકૂફની નિયત કરશે.



**ઈદુઝ ઝુહા :-** ના દિવસે જો બાળક પોતે 'રમીયે જમરા' ના ફરાઈઝ (વિધિ) કરી શકે તેમ ન હોય તો તેનો વાલી અથવા સંરક્ષક તેના વતી આ વિધિ કરશે અને કુરબાનીની વિધિ પણ તે બાળક વતી તેનો વાલી અથવા સંરક્ષક જ કરશે.



તે પછી માથાના વાળ મુંડવામાં આવે અને પ્રથમ વખતનો હજ ન હોય તો આખું માથું નહીં મુંડાવીને ફક્ત થોડાક વાળ અને નખનો કેટલોક ભાગ કાપવામાં આવે.

ઝિલ્હજની અગ્યારમી અને બારમી રાત્રીએ બાળકને મિનામાં રાખવો પડશે. (બાળકે મિનામાં રહેવું પડશે) અને તે બાળકનો સંરક્ષક તેના વતી વુકૂફની નિય્યત કરશે.

- અગ્યારમી અને બારમી તારીખોના દિવસોએ પણ પ્રયત્ન તો એવોજ કરાવામાં આવે કે બાળક રમીએ જમરાતના આઅમાલ પોતે બજાવી લાવે, પરંતુ જો બાળક આ વિધિ કરી શકે તેમ ન હોય તો બાળકનો સંરક્ષક તેના વતી નિય્યત કરીને આઅમાલ બજાવી લાવશે.

- મક્કશરીફ પાછા ફર્યા પછીના તમામ આઅમાલ પણ ઉમરાહના આઅમાલની જેમ બજાવી લાવવા.

# અલ-કાબાની ઓળખ

(૧) હજરે અસવદ
(૨) કાબાનો દરવાજો
(૩) પરનાલો
(૪) શાઝરવાન (ઓટલી)
(૫) હજરે ઈસ્માઈલ
(૬) મુલતઝમ (કાબાના દરવાજા અને હજરે અસવદથી મળેલ જગ્યા)
(૭) મકામે ઈબ્રાહીમ
(૮) રુકને હજરે અસવદ
(૯) રુકને યમાની
(૧૦) રુકને શામી
(૧૧) રુકને ઈરાકી
(૧૨) ગિલાફે કાબા (કાબેકા પરદા)
(૧૩) તવાફ શુરુ કરવાનું મકામ






E-mail : hadimasik@yahoo.com



# ઈર્ષા

ખુદાવન્દે આલમ કુરઆને મજીદમાં ઈર્શાદ ફરમાવે છે કે :

**વમન શર્રે હાસેદિન ઈઝા હસદ**

**અર્થાત : અને (હું ખુદાની પાસે રક્ષણની યાચના કરૂં છું ) ઈર્ષા કરનારની સતામણીથી જ્યારે તે ઈર્ષા કરે.**

ઈમામ જાફરે સાદિક અ.સ.થી રિવાયત છે કે “ઈર્ષા ઈમાનને એવી રીતે ખાઈ જાય છે (નાશ કરી નાખે છે) જેવી રીતે આગ લાકડાને ખાઈ જાય છે ” (બાળીને નાશ કરી નાંખ છે.)

આપ અ.સ.થી જ રિવાયત છે કે “મોમિન બીજા સાથે સમોવડિયાપણાંની ઈચ્છા (ગબ્તા) રાખે છે (આશા રાખે છે દુઆ કરે છે) પરંતુ બીજાઓની ઈર્ષા નથી કરતો. પરંતુ મુનાફિક બીજાઓની ઈર્ષા કરે છે. અને તે (મુનાફિક) પોતે બીજાઓનો સમોવડિયો બની જાય તેવી ઈચ્છા કે દુઆ નથી કરતો.”

ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી જ એવી પણ રિવાયત છે કે “કાફિર હોવાના (નાસ્તિકતાના) ત્રણ સિધ્ધાંતો છે. લાલચ-અભિમાન અને ઈર્ષા”

# દુન્યવી કામો



મુહમ્મદ-બિન-મનકદર કહે છે કે "હું એવું ધારતો નહોતો કે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. પોતાના જેવો પોતાનો કોઈ ઉત્તરાધિકારી પોતાની જગ્યાએ નિયુક્ત કરીને જશે. એટલે મેં જ્યારે આપના ફરઝન્દ મુહમ્મદ-બિન-અલી-અ.સ. (ઈમામ મુહમ્મદ બાકીર અ.સ.) ને જોયા ત્યારે તેમને કોઈ શિખામણ આપવાનું વિચાર્યું - પરંતુ ઉલટાનું તેઓ એ જ મને શિખામણ આપી દીધી."

તેના મિત્રો એ પુછયું - "ઈમામ અ.સ. એ તને કેવી રીતે શિખામણ આપી ?"

તેણે કહ્યું "એક દિવસ જ્યારે ખુબ જ તડકો પડી રહ્યો હતો અને ગરમી અસહ્ય હતી તેવામાં હું મદીના શહેરમાં બહાર નીકળ્યો. મેં જોયું કે તેમનું શરીર ખુબ જ અશક્ત હતું તેમ છતાંયે ઈમામ બાકિર અ.સ. બે ગુલામોનો ટેકો લઈને કામ કરી રહ્યા હતા. મેં મનમાં વિચાર્યું, કુરૈશનો આ મહાન વ્યક્તિ કેવો છે કે આવી અસહ્ય ગરમીમાં પણ દુન્યાની લાલસામાં લિપ્ત છે."

મેં સમ ખાધાં કે આજે તો હું તેમને શિખામણ આપીને જ રહીશ. હું તેમની પાસે ગયો અને સલામ કરી. આપે હળવા - હળવા શ્વાસ લેતા-લેતાં સલામનો જવાબ આપ્યો - અસહ્ય ગરમીને કારણે તેમના કપાળ અને


E-mail : hadimasik@yahoo.com

દાઢીમાંથી પરસેવો ટપકતો હતો. મેં તેમને કહ્યું "હે કુરૈશના મહાન વ્યક્તિ ! ખુદા આપના કામોને સુધારે (આપને સદ્‌બુદ્ધિ આપે) કે તે આવી અસહ્ય ગરમીમાં પણ દુન્યાની લાલસામાં પડીને મહેનત-મજુરી કરી રહ્યા છો !!! જો આ સમયે આ પરિસ્થિતિમાં આપનું મૃત્યુ થઈ ગયું તો આપનો શો અંજામ થશે ???"

આપે પોતાના હાથ ગુલામોના ખભા ઉપરથી લઈ લીધાં અને પછી ટેકો લઈને કહ્યું "ખુદાના સમ! મારૂં આ પરિસ્થિતિમાં મૃત્યુ થઈ જાય તો હું ખુદાની આજ્ઞાનું પાલન કરતાં મૃત્યુ પામીશ કેમકે અત્યારે હું પોતાના અસ્તિત્વની કિંમતને તમારા અને બીજા લોકોથી સુરક્ષિત રાખવાના કામમાં પરોવાયેલો છું. મારે મૃત્યુથી એવા સમયે બીક રાખવી જોઈએ જ્યારે હું કોઈ ગુનાહિત કાર્ય કરતો હોઉં."

મેં કહ્યું "ખુદા આપના ઉપર પોતાની દયા-કૃપા (રહેમત) વરસાવે. હું તો આપને શિખામણ આપવા આવ્યો હતો આપે તો મને જ શિખામણ આપી દીધી !!!"

(અલ્કાફી-ભા. ૫, પા. ૭૩ - હદીસ - ૧ - અલઈર્શાદ મુફીદ - ભા. ૨, પા. ૧૬૧)



આપણે વિચારવું જોઈએ કે આપણે પોતાની આજીવિકા મેળવતી વખતે હલાલ અને હરામનો કેટલો ખ્યાલ રાખીએ છીએ !



# સ્વયં પોતાની જાતની કસોટી કરો અને ઓળખો

## (ઈમામ અલી. અ.સ. ને પૂછવામાં આવેલા ૧૫ પ્રશ્નો)

**પ્રશ્ન-૧ :** હું ક્યારે (ક્યા દિવસે) સૌથી શક્તિશાળી થઈ શકું છું ?

**જવાબ :** જે દિવસે તમો પોતાના મનની ઈચ્છાઓના તાબે ન થાવ.

**પ્રશ્ન-૨ :** કયું અપમાન સૌથી વધારે અપમાનિત કરનારૂં હોય છે ?

**જવાબ :** ઐહિક (દુન્યાની) લાલચ જે મનુષ્યને પોતાના વશમાં કરી લે.

**પ્રશ્ન-૩ :** ક્યો મિત્ર સારો ગણાય ?

**જવાબ :** એ મિત્ર જે તમને ગુનાહો તરફ દોરે નહીં. અને સૌથી ખરાબ મિત્ર એ છે જે તમને ગુનાહોમાં ધકેલી દે.

**પ્રશ્ન-૪ :** કયા લોકો સૌથી ખરાબ ગણાય ?

**જવાબ :** એ લોકો જે પોતાનો દીન (ધર્મ) બીજાઓને દુન્યવી લાભોના કાજે વેચી દે.

**પ્રશ્ન-૫ :** કઈ દરિદ્રતા સૌથી સખ્ત છે ?

**જવાબ :** એ દરિદ્રતા જે તમને નાસ્તિકતા (કુફ્ર)માં નાંખી દે.

**પ્રશ્ન-૬ :** ક્યો વ્યક્તિ સૌથી હોશિયાર-ચતુર ગણાય ?

**જવાબ :** જે સત્ય અને અસત્યના માર્ગને ઓળખી લે અને અસત્યનો ત્યાગ કરે.

**પ્રશ્ન-૭ :** કઈ વ્યક્તિ સૌથી વધુ ધૈર્યવાન ગણાય ?

**જવાબ :** જે પોતાના ક્રોધને ખુદાના માટે (ખુદાની આજ્ઞા પ્રમાણે) પોતાના વશમાં કરી લે.



E-mail : hadimasik@yahoo.com

પ્રશ્ન-૮ : કઈ વ્યક્તિનો અભિપ્રાય સૌથી વધુ ખરો અને સાચો હોય છે ?

જવાબ : જે વ્યક્તિ ક્યારેય લોકોના છલ-કપટમાં આવે નહીં, લોકોની ખુશામતને સ્વીકારે નહીં અને પોતાના દીન ઉપર કાયમ રહે.

પ્રશ્ન-૯ : ક્યો વ્યક્તિ સૌથી વધારે મુરખ ગણાય ?

જવાબ : જે લોકોના છલ-કપટને જુએ સમજે તે છતાં છેતરાઈ જાય.

પ્રશ્ન-૧૦ : ક્યો વ્યક્તિ સૌથી વધારે પસ્તાય છે ?

જવાબ : જે દુન્યા અને આખેરત બંનેના લાભોથી વંચિત રહે છે.

પ્રશ્ન-૧૧ : ક્યા વ્યક્તિઓ આંધળા હોય છે ?

જવાબ : જેઓ પોતાની ઈબાદતના કાર્યો લોકોને દેખાડવા માટે કરતા હોય છે.

પ્રશ્ન-૧૨ : ક્યો સંતોષ સૌથી સારો ગણાય ?

જવાબ : જે ખુદાની દયા-કૃપા (ઈનાયત) થી સંતુષ્ઠ કરી દે.

પ્રશ્ન-૧૩ : ક્યો ગુનાહ સૌથી સખ્ત હોય છે ?

જવાબ : જે ગુનાહ દીનના મામલામાં કરવામાં આવે એટલે કે મનુષ્ય પોતાની ઈચ્છાઓને તાબે થઈને અથવા લોકોની ઈચ્છા પ્રમાણે અથવા પોતાની મનગમતી રીતે જીવન વ્યતિત કરે.

પ્રશ્ન-૧૪ : ક્યું કાર્ય ખુદાને સૌથી પ્રિય છે ?

જવાબ : ઈમામ ઝમાના અજ. ના ઝહૂર (પ્રાગટ્ય) ની પ્રતિક્ષા કરવી તે પરંતુ પોતાની બુધ્ધી અને મનના પ્રશિક્ષણ સાથે, નહીં કે મુર્ખાઈ ભરેલી રીતે.

પ્રશ્ન-૧૫ : ક્યું કાર્ય ખુદાની દષ્ટિએ સૌથી મહાન છે ?

જવાબ : સૌથી પ્રથમ તો હંમેશા અલ્લાહની ઈચ્છાને આધિન રહેવું તે એટલે કે તેની આજ્ઞાઓનું પાલન કરવું તે અને તેની સાથે પોતાની પ્રતિષ્ઠા સચવાય તે રીતે ઈસ્લામની સંસ્કૃતિ પ્રમાણે અને નમાઝની પાબંદી સાથે જીવન વ્યતિત કરવું તે.



# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન :** ખુદાવન્દે આલમ કુરઆનમાં ફરમાવે છે કે તે પરહેઝગાર લોકોના જ આઅમાલને સ્વીકારશે. શું આ વાત સામાન્ય મનુષ્ય અથવા ગુનેહગાર વ્યક્તિને નિરાશ કરી દેનારી નથી ?

**જવાબ :** પ્રથમ તો એ કે કુરઆનમાં અલ્લાહ ફરમાવે છે કે "ખચિત જ અલ્લાહ પરહેઝગાર લોકોના આઅમાલને સ્વીકારશે" (સુરએ માએદાહ આયત-૨૭) આ આયતમાં આઅમાલની સ્વીકૃતિ માટે જે પરહેઝગારીની શરત રાખવામાં આવી છે તે પરહેઝગારીના પણ અનેક દરજ્જાઓ હોય છે તેથી જ કુરઆનમાં બીજા સ્થાને ફરમાવે છે કે "નિઃશંક રીતે ખુદાની દૃષ્ટિમાં જે વ્યક્તિ સૌથી વધારે પરહેઝગાર હોય તે વધારે માન અને આદરને પાત્ર છે" (સુરએ હોજરાત-આ. ૧૩)

અને સામાન્ય રીતે સામાન્ય મનુષ્ય અને આજ્ઞાકારી વ્યક્તિઓમાં પણ (થોડા-ઘણાં અંશે) પરહેઝગારી તો હોય છે જ. જો એવું ન હોત તો એવા લોકો કંઈ સારૂં કરી શકતાં જ ન હોત અને કોઈપણ ગુનાહના કાર્યથી બચી શકતાં જ ન હોત.

બીજું એ કે મનુષ્ય જે સારા કાર્યો કરે છે તેની સ્વીકૃતિ (કબુલીયત) ના દરજ્જાઓ હોય છે. શરીઅતમાં છે તે પ્રમાણે દરેક મનુષ્યના કાર્યોનો બદલો (જઝા) અને સજા તેના કાર્યો પ્રમાણે જ આપવામાં આવશે. સામાન્ય રીતે કરવામાં આવતા સદ્‌કાર્ય "બેકુબુલે હસને" (સુરએ આલે ઈમરાન-આયાત-૩૭) એટલે કે "સપ્રમાણ (યોગ્ય) બદલા"નો દરજ્જો ધરાવે છે. પરંતુ સામાન્ય સંજોગો કરતાં વધારે સારી રીતે કરવામાં આવતા સદ્‌કાર્ય વધારે યોગ્ય બદલાને પાત્ર ગણવામાં આવે છે, આપણે દુઆમાં પણ આવું જ પઢીએ છીએ કે "વતકબ્બલ-બે-અહસને કુબૂલિક" અર્થાત્ : "હે પાલનહાર ! મારા સદ્‌કાર્યને વધારે સારી રીતે કુબુલ ફરમાવજે" (દુઆએ માહે રમઝાન)



E-mail : hadimasik@yahoo.com



એટલે કે કોઈ વ્યક્તિ જેવું, જેવી રીતે, જે પરિસ્થિતિમાં અને જેટલું સદ્‌કાર્ય કરે છે તેના તે સદ્‌કાર્યને તેવી રીતે જ કબુલ કરીને તેટલા પ્રમાણમાં જ તેને ઈનામ અને સવાબ આપવામાં આવશે એટલે કે જે પોતાના સદ્‌કાર્યને જેટલા પ્રમાણમાં પરહેઝગારીથી બજાવી લાવતો હશે તે તેટલા પ્રમાણમાં જ તેનો સવાબ મેળવશે.

તેથી કુરઆને મજીદમાં વ્યક્તિઓ - ધોરણો અને સંજોગોને લક્ષમાં રાખીને સદ્‌કાર્યો (આઅમાલ)ના સવાબના ધોરણો પણ જુદા-જુદા દર્શાવવામાં આવ્યા છે. દા.ત.

★ કેટલાંક કાર્યો માટે બમણાં સવાબ વર્ણવવામાં આવેલ છે.
(સુરએ-બકરહ-આ. ૨૬૫)

★ કેટલાક કાર્યોમાં અમુક ગણા સવાબનો ઉલ્લેખ છે.
(સુરએ બકરહ-આ. ૨૪૫)

★ કેટલાક કાર્યોને દસગણાં સવાબને પાત્ર ગણવામાં આવ્યા છે.
(સુરએ અનઆમ-આ. ૧૬૦)

★ કેટલાંક કાર્યો માટે ૭૦૦ ગણાં સવાબનો ઉલ્લેખ છે.
(સુરએ-બકરહ-આ. ૮૯-૧૬૦)

★ અને કેટલાંક કાર્યો એવા છે કે જેના સવાબ વિશે ખુદા સિવાય બીજું કોઈ જાણતું નથી.

અને તેથી જ કેટલાંક લોકોના સદ્‌કાર્યોનો ઉલ્લેખ કરીને (ખુદા) છેવટે ફરમાવે છે કે કોઈ વ્યક્તિ એ બાબતથી વાકેફ નથી કે (તેમના સદ્‌કાર્યના બદલામાં) તેમના માટે શું સંતાડીને રાખવામાં આવ્યું છે. (સુરએ-સજદહ-આયત-૧૭)

# વિલાયતનો દિવસ
## (ઈદે ગદીર)

આપ હઝરત સ.અ.વ. ફરમાવે છે કે "અલી-ઈબ્ને અબીતાલિબની વિલાયત - ખુદાની વિલાયત છે. તેમના પ્રત્યે પ્રેમ ભાવ રાખવો તે ખુદાની ઈબાદત છે. તેમનું અનુકરણ કરવું તે ખુદાએ ફરજિયાત (વાજિબ) કર્યું છે. તેમના મિત્રો ખુદાના મિત્રો છે. તેમના શત્રુઓ ખુદાના શત્રુઓ છે. તેમની સાથે યુધ્ધ કરવું તે ખુદાની સાથે યુધ્ધ કરવાની બરાબર છે. અને તેમની સાથે શાંતિ કરાર (સુલેહ) કરવી તે ખુદાની સાથે શાંતિ કરાર કરવા જેવું છે." (અમલી સદ્ક-પા.૩૨)



ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે : " ગદીરનો દિવસ ઈદ અને ખુશાલી મનાવવાનો દિવસ છે. અને આજનો દિવસ (ઈદે ગદીરનો દિવસ) ખુદાની નેઅમત (એટલે કે અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયત) માટે રોઝો રાખીને ખુદાનો શુક્ર અદા કરવાનો દિવસ છે." (વસાએલુશ્શીઆ- ભા.૭ - પા.૩૨૬)

આપ હઝરત સ.અ.વ. ફરમાવે છે કે : "જે વ્યક્તિ એવી ઈચ્છા હોય કે તેનું જીવન અને મૃત્યુ મારા જેવું હોય - અને જેનો મને વાયદો કરવામાં આવ્યો છે તે હંમેશા રહેવાવાળી જન્નતમાં તે રહે - તો તેણે અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયતનો સ્વીકાર કરવો જોઈએ. એટલા માટે તેઓ તમને કદીયે સાચા માર્ગ (હિદાયતના રસ્તા) થી વિચલિત નહીં થવા દે." (અલગદીર - ભા.૧૦ - પા. ૨૭૮)






# અતિથિ સત્કાર અને અહલેબૈત અ.સ.

ખાનદાને રિસાલતની હંમેશાં એ વિશિષ્ઠતા રહી છે કે તેઓ પોતાને બારણે આવતાં મહેમાનોનો વિશેષરૂપે આતિથ્ય સત્કાર કરતાં હતા. અને અતિથિઓની ખાસ સારસંભાળ રાખતા હતા અને આ કાર્ય ફક્ત અને ફક્ત ખુદાના રાજીપા (ખુશનુદીયે ખુદા) માટે કરતાં હતા. સૂરએ દહરની આ આયત અહલેબૈત અ.સ.ના ચરિત્રની સાક્ષી પુરે છે જેમાં ઈર્શાદ થયેલ છે કે "આ લોકો પોતાના ભોજનને, પોતાને તેની ખુબ જ જરૂર હોવા છતાં યે ગરીબ-અનાથ અને કેદીને આપી દે છે અને કહે છે કે અમે તમને આ ભોજન ખુદા રાજી થાય તે માટે આપી રહ્યા છીએ અને અમે તમારી પાસેથી તેનો કોઈ બદલો કે આભાર (ના એક શબ્દ)ની પણ અપેક્ષા રાખતા નથી. (સુરએ દહર-આયત-૮-૯)

અહલેબૈત અ.સ. એ અતિથિ સત્કારનો સ્વયં અમલ કરીને દેખાડ્યુ અને પોતાના ચાહવાવાળાઓને પણ આ કાર્ય પ્રત્યે પ્રેરણા આપી અને ઘણી બધી રિવાયતો દ્વારા અતિથિ સત્કારના લાભો અને સવાબનું વર્ણન કર્યું છે દા.ત. નબી સ.અ.વ. ફરમાવે છે કે "અતિથિ જન્નતનો માર્ગદર્શક (જન્નતમાં લઈ જનાર) હોય છે."



એવી જ રીતે ફરમાવ્યું છે કે "જે વ્યક્તિ બીજાઓને ભોજન આપે છે તેના

માટે બરકત (ખુદાની દયા-કૃપા) તલવારની ધાર કરતાં પણ વધારે ઝડપથી વધે છે "અને એવું પણ ફરમાવ્યું છે કે "મહેમાન તો પોતાની આજીવિકા લઈને જ આવે છે અને જ્યારે વિદાય લે છે ત્યારે ઘરની વ્યક્તિઓના ગુનાહો ઘરમાંથી લઈ જાય છે અને બહાર ફેંકી દે છે." (બિહાર-ભા. ૭૫, પા. ૨૬૦)



ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે "જે મોમિન મહેમાન સાથે પ્રેમપુર્વક વર્તે છે તે કયામતના દિવસે એવી સ્થિતિમાં કબરમાંથી બહાર આવશે કે તેનો ચહેરો પુનમના ચંદ્રની જેમ ચમકતો હશે અને જ્યારે મહેશરના લોકો તેને જોશે તો વિચારશે કે આ વ્યક્તિ જરૂર કોઈ પયગમ્બર છે. ત્યારે એક ફરિશ્તો કહેશે, "ના આ એક મોમિન વ્યક્તિ છે જે મહેમાનો સાથે પ્રેમ કરતો હતો અને અતિથિઓને આદર આપતો હતો. હવે આ સીધો જન્નતના માર્ગે જશે" (બિહાર. ભા. ૭૫, પા. ૨૬૦)

આપ સ.અ.વ. ફરમાવે છે કે "હું મારી ઉમ્મતના અત્યારે છે તે લોકો અને હવે પછી આવનાર છે તે તમામ (હાઝેરીન ઔર ગાએબીન) લોકોને વસીયત કરૂં છું કે જો કોઈ મુસલમાન તમને આમંત્રણ આપે તો ભલે તે પાંચ માઈલ (લગભગ આઠ કી.મી.) દૂર રહેતો હોય તો પણ તેના આમંત્રણને સ્વીકારીને તેને ત્યાં જાઓ કેમકે આ દીનના કાર્યોનો હિસ્સો છે. (બિહાર-ભા-૭૫, પા. ૨૬૦)

આમંત્રણ વગરના અતિથિઓ : ઈસ્લામમાં જેવી રીતે અતિથિસત્કારની મહાનતા અને ફઝીલતો વર્ણવવામાં આવી છે ત્યાં આમંત્રણ વગર કોઈના મહેમાન થવાથી અટકાવ્યા છે અને તેની નિંદા કરવામાં આવી છે. દા.ત. નબીયે અકરમ સ.અ.વ. ફરમાવે છે કે "જો કોઈ વ્યક્તિ બીજાને ત્યાં બોલાવ્યા વગર જાય અને ત્યાં જમે તો તે ચોર જેવો છે અને તે નિંદા અને ટીકા સાથે ત્યાંથી વિદાય લે છે. (નિંદા અને ટીકાને પાત્ર બની જાય છે) (આસારૂસ્સાદેકીન-ભા/૧૧, પા. ૪૮૧) ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "જ્યારે કોઈને ત્યાં ફક્ત તમને (જમવા

માટેનું) આમંત્રણ હોય અને તમે પોતાના પુત્રને પોતાની સાથે ન લઈ જતા - કેમકે તમે આવું કરશો તો કોઈનો હક પચાવી પાડનાર તરીકે તમારી ગણત્રી થશે." (મહા સિને બરકી-પા. ૪૧૧)

## આમંત્રણ આપનારની ફરજો :

★ પોતાને ત્યાંના જમણવારમાં ફક્ત માલદાર લોકો અને જેમને જરૂરિયાત ન હોય તેવા વ્યક્તિઓને જ બોલાવવા જોઈએ નહીં પરંતુ ખરેખર જરૂરિયાતવાળા લોકોને પણ બોલાવવા જોઈએ.

★ જમણવારમાં પરહેઝગાર અને ખુદાના પ્રિય બંદાઓને બોલાવવામાં આવે.

★ મહેમાનને પીરસવામાં આવતી વાનગીઓને તુચ્છ ન ગણે કેમકે તે ખુદાની નેઅમત હોય છે.

★ પોતાના ગજા કરતાં વધારે અતિથિ સત્કાર કરીને પોતાની જાતને મુશ્કેલીમાં પણ મુકવી જોઈએ નહીં.

★ મહેમાન માટે હલાલ ભોજનની વ્યવસ્થા કરે.

★ મહેમાન માટે ટુથપિક્સની પણ વ્યવસ્થા કરે.

★ પોતે પણ મહેમાનની સાથે ભોજન લે.

★ સારી દરકાર રાખીને અતિથિ સત્કાર કરે. મહેમાન પ્રત્યે નિષ્કાળજી ન સેવે.

★ મહેમાન સાથે પ્રેમ અને આદરપુર્વક વર્તાવ કરે.

★ મહેમાનો પાસેથી કોઈ કામ લેવું જોઈએ નહીં.

★ જ્યારે ભોજન પીરસાઈ જાય તો સૌથી પહેલા પોતે ભોજન લેવાની શરૂઆત કરે અને છેવટ સુધી જમતો રહે.

★ મહેમાન વિદાય લે ત્યારે ઘરના બારણાં સુધી તેને વળાવવા જવું જોઈએ.



# અહલેબૈત અ.સ. અને કસમ ખાવી તે

(ગયા અંકથી ચાલુ)

**જુઠાં સમ :-** ખોટા (જુઠાં) સમ ખાવા તો તદ્દન હરામ છે અને મોટો ગુનાહ છે અને અઈમ્મા અ.સ. એ આની સખ્ત મનાઈ ફરમાવી છે.

રસુલે અકરમ સ.અ.વ. ફરમાવે છે કે "જુઠી કસમો ખાવાથી દૂર રહો કેમકે આવી કસમો વસ્તીઓમાં રહેવાવાળાઓની બરબાદીનું કારણ બને છે. (સવાબુલ આઅમાલ - પા. ૫૧૦)"

ઈમામ સાદિક અ.સ. નો ઈર્શાદ છે કે "ખોટા અને જુઠા સમ માણસને ગુનાહોમાં ધકેલી દે છે અને તે વ્યક્તિ ઓછામાં ઓછું ચાલીસ દિવસ સુધી તેની સજા ભોગવે છે."

(સવાબુલ આઅમાલ પા. ૫૧૦)

આપ અ.સ.નું જ ફરમાન છે કે "પોતે જુઠા સમ ખાય છે તે જાણતો હોવા છતાં કોઈ વ્યક્તિ તેવા ખોટા સમ ખાય તે એની બરાબર છે કે જાણે તે ખુદા સાથે મુકાબલો કરવા તૈયાર હોય. (બિહાર ભા. ૧૦૧, પા. ૨૦૯)"

**પ્રશ્ન :-** જો સાચા સોગંદ પણ મકરૂહ હોય તો અઈમ્મા અ.સ. એ કેટલાક પ્રસંગોએ કેમ સમ ખાધા છે?

**જવાબ :-** અઈમ્મા અ.સ.એ ખાધેલા સમ એવા પ્રસંગોમાંથી છે જ્યારે સમ ખાવી તે મુસ્તહબ અથવા વાજિબ હોય. કેમકે કેટલીક પરિસ્થિતિઓ એવી હોય છે જ્યાં સમ ખાવા તે મુસ્તહબ અથવા વાજિબ થઈ જાય છે. એક શિષ્યને ઈમામ સાદિક અ.સ.એ ઉપદેશ આપેલ કે "જો પોતાની જાન - માલનો ખતરો હોય તે પરિસ્થિતિમાં સમ ખાઈ શકાય છે કેમકે એવા પ્રસંગે સમ ખાઈને પોતાના જાન-માલના નુકશાન કે ખતરામાંથી તમે બચી શકો. (બિહાર - ભા-૭૫, પા. ૪૧૧)"

તેવી જ રીતે આપ સ.અ.વ. એ હઝરત અલી અ.સ.ને ફરમાવ્યું છે કે "હે અલી! જ્યારે ખૂબ તાકીદની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે જ સમ ખાઓ "(મીઝાનુલ હિકમત - ભા. ૨, પા. ૫૦૨)

આ સિવાય પણ અનેક બીજી રિવાયતો અને અહકામ છે જેમાં એ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ સાચી વાતને સાબિત કરવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે - ઈમામતનું રક્ષણ કરવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે - કોઈની જાન - માલનું રક્ષણ કરવું હોય તે પરિસ્થિતિમાં અને મહત્વની બાબતોની મહાનતા સિધ્ધ કરવાની આવશ્યકતા હોય તે સંજોગોમાં સમ ખાઈ શકાય છે.



# પડદાના ફાયદા - પડદો નહીં રાખવાના નુકશાન

પડદો તો સ્ત્રીઓનું એક શસ્ત્ર છે. મુસલમાન સ્ત્રીઓએ પોતાની સુરક્ષા માટે આ શસ્ત્રને હંમેશા ધારણ કરીને રાખવું જોઈએ જેથી તે (એટલે કે પડદો) તેની રક્ષા કરે.

(નગીના અકબરખાન-રશિયાની એક નવ મુસ્લિમ સન્નારી)

પડદો રાખતી મુસ્લિમ સ્ત્રીઓ ખુબજ દ્રઢ નિશ્ચયી હોય છે. તેમના વચ્ચે ઝગડો કરાવવો કે તેમને (સત્યના માર્ગેથી) વિચલીત કરવી સહેલું હોતું નથી તેથી તમામ પ્રયત્નો કરીને કોઈપણ રીતે મુસ્લિમ સ્ત્રીઓને પડદામાંથી બહાર કાઢવી જ જોઈએ. અને મુસ્લિમમાંથી પડદાને નાબૂદ કરાવી દેવો જોઈએ.

(એક અંગ્રેજ જાસૂસ - શ્રી હમ્ફરેનું કથન)





- પડદો પવિત્રતા અને સુશીલ સ્ત્રીત્વની નિશાની છે.
- જેવી રીતે છીપ મોતીનું રક્ષણ કરે છે તેવી જ રીતે પડદો પણ સ્ત્રીનું રક્ષણ કરે છે.
- પડદો એ એક ખુબજ બહુમુલ્ય અને અનન્ય મોતી છે.
- પડદો એ આપણાં માટે ગર્વની બાબત છે. અને તે (પડદો) પવિત્ર સમાજનો પાયો છે.

હે બહેનો ! આપનો વૈભવ અને માન-મરતબો એક ચમકતા મોતીની જેમ છે. તેથી આ મોતીની રક્ષા પડદા વડે કરો.





# વૃધ્ધ યુવાન થઈ ગયો



ઝોહરની નમાઝનો સમય થવા આવ્યો હતો. મદીના શહેરના બગીચાઓ, મહેલો અને ઘરો ઉપર સૂર્ય પોતાનો પ્રકાશ પાથરી રહ્યો હતો અને લોકોને પ્રકાશ અને ઉષ્મા વહેંચી રહ્યો હતો, તેવામાં એક વૃધ્ધ વ્યક્તિ ધીમા પગલે મસ્જિદમાં પહોંચ્યો. પોતાના જોડા ઉતારીને પોતાની બગલમાં દબાવી લીધા અને મસ્જિદના એક ખુણાના છાયડામાં બેસી ગયો. અને શરીરને આરામ પહોંચાડવા લાગ્યો. થોડીક વારના વિશ્રામ પછી તેનું ધ્યાન પયગમ્બર અકરમ સ.અ.વ. તરફ ગયું અને તેણે જોયું કે આપના સાથીઓ (અસહાબ) આપને ઘેરીને બેઠેલા છે. તે આગળ વધ્યો અને પયગમ્બર સ.અ.વ.ને સલામ કરી. - આપ સ.અ.વ. એ તેના સલામનો જવાબ આપ્યો ત્યારે લોકોએ પાછા ફરીને તેને જોયો. તેની દશા વિચિત્ર હતી માથાના વાળ, કાગડાની જેમ કાળા હતા પરંતુ દાઢીના વાળ બરફની જેમ સફેદ હતા. બધા તેને આશ્ચર્યથી જોવા લાગ્યા અને અંદરોઅંદર છાનામાના તેના વિશે વાતો કરવા લાગ્યા કે આ વ્યક્તિ કાંઈક વિચિત્ર લાગે છે.

તેના વાળ શા માટે સફેદ થઈ ગયા હશે ?

શું તે ખુબ ગુસ્સો કરતો હશે તેથી કેમકે ક્રોધ માણસને વહેલા વૃદ્ધ કરે દે છે.

તેના માથાના વાળ શા માટે કાળા જ રહ્યા હશે ?

કદાચ એ તેનો કૌટુંબિક વારસો હોય.



પયગમ્બરે અકરમ સ.અ.વ. શાંતિથી સસ્મિત વદને લોકોની વાતો સાંભળતા રહ્યા. થોડીવાર પછી તે વૃદ્ધ વ્યક્તિ ચાલ્યો ગયો.



E-mail : hadimasik@yahoo.com

પરંતુ બીજા દિવસે તે પાછો આવ્યો ત્યારે તેનો દેખાવ બદલાઈ ગયેલ હતો. માથાના વાળ તો કાળા હતા જ પરંતુ દાઢીના વાળ પીળા રંગના કલ્પથી પીળા થઈ ગયેલા હતા. બધા એ તેને હસતા મોઢે આવકાર્યો - આપ સ.અ.વ. એ પણ તેને જોઈને કહ્યું "આજે તમો કેટલા સારા લાગો છો" તે વૃધ્ધ વ્યક્તિ પયગમ્બર સ.અ.વ.ના મુબારક મોઢેથી આ વખાણ સાંભળીને ખુશ થઈ ગયો અને આપનો આભાર માની પોતાના ઘરે ચાલ્યો ગયો.

થોડા દિવસો પછી તે ફરી મસ્જીદમાં દેખાયો ત્યારે તેનો દેખાવ વધારે સારો થઈ ગયો હતો માથાના વાળ વ્યવસ્થિત હતા. દાઢીના વાળ મહેંદીના કલ્પથી મહેંદીના રંગના થઈ ગયા હતા, તે જાણે દસ વર્ષનો નાનો (યુવાન) થઈ ગયો હોય તેવું લાગતું હતું. આપ સ.અ.વ. એ તેને જોઈને કહ્યું - હવે તો તમે પહેલા કરતાં ઘણા સારા લાગો છો ! આ સાંભળીને તે ખુબ જ ખુશ થયો અને પ્રસન્ન થઈને થોડીવારમાં પોતાને ઘેર ચાલ્યો ગયો.

બીજા થોડા દિવસો પછી તે ફરીવાર મસ્જીદમાં આવ્યો તો તેનું મુખ અને માથાના વાળ ખુબ જ સ્વચ્છ હતા. વાળ વ્યવસ્થિત રીતે ઓળેલા હતા, દાઢી પણ સરસ લાગતી હતી. આ વખતે તેને જોઈને પયગમ્બર સ.અ.વ. એ ફરમાવ્યું "હવે તો તમારો ચહેરો તદ્દન બદલાઈ ગયો છે. તમો તો ખુબ જ સારા લાગો છો. આ સાંભળીને તે વ્યક્તિને તે એવું લાગ્યું કે જાણે તેની ઉંમર વીસ વર્ષ ઘટી ગઈ હોય અને તે વીસ વર્ષ નાની ઉંમરનો યુવાન થઈ ગયો હોય."

પયગમ્બરે અકરમ સ.અ.વ.ના સાથીઓ (અસહાબ) એ આપ સ.અ.વ.ની આ વાતો સાંભળીને સમજી લીધું કે આપને સ્વચ્છતા અને સુંદરતા ખરેખર ગમે છે.





# શિક્ષણનો અધિકાર

વિદ્યા અને જ્ઞાન મનુષ્યની આત્માનું જીવન છે અને મનુષ્યના પ્રાણ જ્ઞાનથી વંચિત હોય તો તેનો અર્થ એવો થાય છે કે મહાનતા અને સુશીલતાના માપદંડો પર તે ઉણો ઉતરે છે. પયગમ્બર સ.અ.વ. એ જંગે બદ્રના યુધ્ધ કેદીઓ સમક્ષ તેમની સ્વતંત્રતા માટે એવી શરત મુકી હતી કે દરેક યુધ્ધ કેદી દસ મુસલમાનોને શિક્ષણ આપે. પયગમ્બર સ.અ.વ.નો આ આદેશ શિક્ષણના અધિકાર અને શિક્ષણના મહત્વને દર્શાવે છે.

અને અલ્લાહ તઆલાનો ફરમાન છે કે “અને તેમને એ સમય યાદ દેવડાવો કે જ્યારે તેમને કિતાબ આપવામાં આવી હતી અને તેમની પાસેથી અલ્લાહે વચન લીધું હતું કે તમે તે (કિતાબ)ને લોકો સમક્ષ અવશ્ય સ્પષ્ટ રીતે વર્ણવજો - અને તેને સંતાડીને રાખશો નહીં - તો પણ તેમણે અલ્લાહને આપેલ તે વચનને પીઠ પાછળ ફેંકી દીધુ (પોતાના વચનમાંથી ફરી ગયા)” (સુરએ આલે ઈમરાન-આયત-૧૮૭)

ઈમામ અલી અ.સ. એ ઉપરોક્ત આયતની સ્પષ્ટતા (તફસીર) કરતાં શિક્ષણના અધિકાર અને શિક્ષણના મહત્વ પ્રત્યે અંગુલી નિર્દેશ કરતાં ફરમાવ્યું છે કે “અલ્લાહ તબારક-વ-તઆલા એ અજ્ઞાની લોકો પાસેથી



E-mail : hadimasik@yahoo.com

એવું વચન નહોતુ લીધું કે તેઓ જ્ઞાન પ્રાપ્ત કરે. પરંતુ શિક્ષિત (જ્ઞાની) લોકો પાસેથી એવું વચન લીધું હતું કે તેઓ અશિક્ષિત લોકોને પ્રશિક્ષિત કરે. (બિહારૂલ અનવાર ભા-૨-પા. ૭૯)"

આ વિષય અંગે જ ઈમામ સાદિક અ.સ.નું ફરમાન છે કે "જે વિદ્વાન પોતાના જ્ઞાનને સંતાડીને રાખે છે (બીજાઓને આપતો નથી) તે કયામતના દિવસે એવી સ્થિતિમાં ઉઠશે કે તે સૌથી વધારે દુર્ગંધ મારતો હશે અને તેના ઉપર દરેક સજીવ સૃષ્ટિ એટલે સુધી કે સુક્ષ્મ જીવજંતુઓ પણ લાનત કરશે. (બિહારૂલ-અનવાર-ભા. ૮ પા. ૩૨)"

આ ચર્ચાનું તાત્પર્ય એવું છે કે આપણાં અઈમ્મા અ.સ. જ્ઞાનને બીજાઓ સુધી નહીં પહોંચાડવાની બાબતને પસંદ નહોતા કરતાં પરંતુ તેઓ જ્ઞાનને જ્ઞાન વાંચ્છુઓ વચ્ચે વહેંચી દેવાને ભારપુર્વક પ્રબોધે છે.

પરંતુ આધુનિક યુગની રાજ્ય વ્યવસ્થા અને સંસ્થાઓ વિદ્યા અને જ્ઞાનની સંગ્રહખોરી કરીને મોટા માણસો અને મોટી સંસ્થાઓને વેચવામાં પ્રવૃત્ત છે અથવા તો પોતાના ખાસ લક્ષ્યની પ્રાપ્તિ માટે વિદ્યા અને જ્ઞાનને પોતાના રાજકીય શસ્ત્ર તરીકે ઉપયોગ કરે છે અને તેમ છતાં તેઓ ઘણાં જ સુસંસ્કૃત હોવાનો દેખાવ પણ કરે છે. જો કે વિદ્યા અને જ્ઞાન અલ્લાહ તઆલાની એક એવી કૃપા છે જેને અલ્લાહે પોતાની બીજી સૃષ્ટિઓ ઉપર મનુષ્યની સર્વપરિતા સિધ્ધ કરવા માટેનું માપદંડ બનાવ્યું છે અને તેના ઉપર ઝકાત વાજિબ કરવામાં આવી છે અને વિદ્યા અને જ્ઞાનની ઝકાત તેનો પ્રચાર અને પ્રસાર છે.



(વધુ આવતા અંકે)

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.




મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



રવજાણી ફઝલ અબ્બાસ મૂનીર અબ્બાસ
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.





# પત્રાવળી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**બદામી શબ્બીરઅલી એમ.**
પ્રિન્સ પેલેસ ખોજા ખાનાની સામે.



**રવજાણી ફઝલ અબ્બાસ મુનિર અબ્બાસ**
સુલેમાન ખાકુ પાંક સોસાયટી, રાજુલા.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાંક સોસાયટી, રાજુલા.



**રવજાણી ફઝલ અબ્બાસ મુનિર અબ્બાસ**
સુલેમાન ખાકુ પાંક સોસાયટી, રાજુલા.

# બાળ રોઝેદાર


અબ્બાસ અલી સજ્જાદ અલી
રાજુલા.


અલી નવાજ સલીમભાઈ
રાજુલા.


અંજુમ ઝહેરા અલી રઝા
રાજુલા.


અકીલ અબ્બાસ અલી રઝા
રાજુલા.


બદામી શાનીયા અન્સારભાઈ
રાજુલા.


ફલક ફાતેમા સોહેલ અબ્બાસ
રાજુલા.


ફાતેમા ગુલામ અબ્બાસ
રાજુલા.


હુસૈન મેહદી શિરાજ અલી
રાજુલા.


હીના સલીમભાઈ
રાજુલા.


જમાની તન્ઝીમ નાશીરભાઈ
રાજુલા.


ખદીજા અસગરભાઈ
રાજુલા.


મર્સરતઅલી અલી નવાજભાઈ
રાજુલા.


મોહમ્મદ અબ્બાસ મુનીર અબ્બાસ
રાજુલા.


મોહંમદ સલીમ અલી
રાજુલા.


મોહંમદ તકી અલ્તાફ હુસૈન
રાજુલા.


મોહંમદ તકી અસગરભાઈ
રાજુલા.


મુસ્કાન ફાતેમા સલીમભાઈ
રાજુલા.


મુસ્કાન નૌશાદ
રાજુલા.


મુઝફ્ફર અબ્બાસ
કૌમીલ અબ્બાસ
રાજુલા.


નઈમ અબ્બાસ ફઝલભાઈ
રાજુલા.



E-mail : hadimasik@yahoo.com



શકીના કોસરઅલી
રાજુલા.



શકીના શબ્બીરઅલી
રાજુલા.



શુકુન ફાતેમા
સોહેલ અબ્બાસ
રાજુલા.



તમન્ના અલીભાઈ
રાજુલા.



તૌસીફ રઝા અલી નવાઝ
રાજુલા.



ઝૈનબ ફાતેમા
સોહેલ અબ્બાસ
રાજુલા.

# મુબારકબાદ

"હાદી" માસિકના કાર્યકર્તાઓ તરફથી તમામ હાદી મિત્રોને

**ઈદે કુરબાન • ઈદે ગદીર • ઈદે મુબાહેલા**

ની મુબારકબાદ પાઠવીએ છીએ.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**





# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

